


"આ પેટ્રોલ-ડીઝલના ભાવ તો ક્યાં પહોંચશે..?!"

"અરે... તમેય ખરા છો..! વાતેવાતે તમને પેટ્રોલ-ડિઝલ જ યાદ આવે છે..?!"

"સાહેબ અમે તો મધ્યમવર્ગના માણસ છીએ... સવારથી સાંજ સુધી આમ-તેમ દોડવાનું જ હોય છે..! કાઢી નાખતાંય બસો-ત્રણસો રૂપિયાનો તો ધુમાડો થાય છે..! એટલે વાગે છે અમને..!"

"પણ તમે જાણો જ છો... કે આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર ભાવ નિયંત્રીત થાય છે... અને વૈશ્વિક બજારમાં માંગ અને પુરવઠાના આધારે ભાવ નિશ્ચિત થાય છે..!"

"એ તો અમનેય ખબર છે..! ભારત કરતાં બીજા બધા દેશોમાં પેટ્રોલ સસ્તુ છે અને આપણે ત્યાં મોંઘુ છે..! કારણ..."

"કારણ કે... આપણા દેશનું કરવેરા માળખુ એવી રીતે ઘડાયું છે... એટલે કદાચ તમને મોંઘુ લાગતું હશે..!"

"સાહેબ કદાચ-બદાચ નહી... મૂળ ભાવ જેટલો જ ટેક્ષ લાગે છે..! અને આપ તો અચ્છે દિનની વાત કરતાં હતા..!! ગાજી-ગાજીને બોલતા હતાં...ઘટાડવાની વાત તો એક બાજુ રહી... ભાવ આસમાનને અડતો જાય છે..!"

"ઓ...હો...હો...હો..! તમને તો જાણે પેટ્રોલ-ડીઝલે દઝાડી દીધા... બીજી મોંઘવારી તો તમને અડતી જ નહિ હોય..!!"

"સાહેબ બધી મોંઘવારીનું મુળ પેટ્રોલ-ડિઝલમાં છે..! જો પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટશે તો મોંઘવારી આપોઆપ દૂર થશે... આવું મને સામાન્ય માણસ તરીકે સમજાય છે... તો દિલ્હીની ગાદીવાળાને તો સમજાય જ ને ?! કે સમજવું જ નથી..!?!"

"ખરા આક્ષેપો તમે તો કરો છો..! પ્રજાને સસ્તુ આપવામાં કોને રસ ના હોય..?! અને શું કરવા ના આપે..?!'.

"તો... તો... કરીદોને જાહેરાત... પેટ્રોલ-ડીઝલને જીએસટી હેઠળ લાવી દો..! એટલે આપોઆપ ભાવ ઘટી જશે..! સરખા થઈ જશે... કોઈને નડશે નહિ ને કોઈનો કકળાટ નહિ રહે..!"

"એ...ય... થશે... વિચારણા હેઠળ જ છે..!'.

"મને તો તમારી આ પોલીસીમાં જ ખબર નથી પડતી..! જેમાં પ્રજાને લાભ આપવાનો હોય એ બધુ વિચારણા હેઠળ છે..! અને જેમાં ડંડા મારવાના હોય એ બધુ રાતોરાત થાય છે..! આ કયા ઘરનો ન્યાય છે સાહેબ..!?!"

"તમારી જેમ તડાકા ઓછા મારવાના હોય છે..! સરકાર ચલાવવાની છે..! સરકાર ચલાવવા માટે ગંભીરતા તો જોઈએ કે નહિં..?!"

"હં...હં... સમજી ગયો..! જ્યારે ચૂંટણી એકદમ નજીક આવશે, ત્યારે તમારી વિચારણા પુરી થશે..! અને પ્રજા માટે લાભકારી નિર્ણયની જાહેરાતો થશે..!! ત્યાં સુધી તો પ્રજાના ખિસ્સામાંથી જેટલા ખેરવાય એટલા ખેરવી લ્યો... એમજને..?!"

"તમે તો સાવ ઊંધી વાત કરો છો..! વિકાસ અને કલ્યાણ માટે ટેક્ષ તો ઉઘરાવવો જ પડશે ને..?! બધુ એમનેમ ઓછું થાય છે..?!"

"હા... હા... અમને ખબર છે..! મોટા મંડપો એમનેમ નથી બંધાતા, વિમાનમાં દોડધામ એમનેમ નથી થતી... આ બધા તામઝામ પ્રજાના ખર્ચામાંથી જ થાય છે એ અમને ખબર છે..!!"

"તમે સાવ વાહિયાત વાત કરો છો..! તમને ખટકે છે ને ખૂંચે છે તેની જ કેસેટ ચલાયે રાખો છો..!! સારૂ શુ-શુ થાય છે એ તમારી નજરમાં જ નથી આવતુ..! પણ તમારી વાતમાં દમ છે..! ઓછા ખર્ચા કરી ટેક્ષ ઘટાડવા જોઈએ..!"

"એજ... એજ વાત સાહેબ..! આમ આદમીને પરવડે એટલો જ ટેક્ષ હોય અને એજ ટેક્ષમાંથી મહત્તમ વિકાસ અને કલ્યાણની યોજનાઓ થાય એ જ શ્રેષ્ઠ શાસન છે..!"

- નિમિત્ત માત્ર






પદવીદાન સમારોહ - પાટનગરના પાદરે પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીના છઠ્ઠા પદવીદાન સમારંભમાં દેશના ટોચના ઉદ્યોગપતિ અને પીડીપીયુના ચેરમેન શ્રી મુકેશ અંબાણીએ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી હતી... વિવિધ કક્ષામાં શ્રેષ્ઠતા પુરવાર કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને કેન્દ્રના પેટ્રોલિયમ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ બિરદાવ્યા હતા.... છઠ્ઠા પદવીદાન સમારોહમાં ૮૩૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી... નવી ઉર્જા સાથે દેશની ગતિ-પ્રગતિમાં જોડાતા યુવાનોને સંશોધન અને વિકાસ કાર્યોમાં જોડાવા મુખ્યમંત્રીએ હાકલ કરી હતી... કેન્દ્રના પેટ્રોલિયમ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેશન સેન્ટર પીડીપીયુ ખાતે શરૂ કરવા કેન્દ્ર સરકાર ૩૦૦ કરોડ રૂપિયા ફાળવશે. દેશની ટોપ-૧૦ યુનિવર્સિટીમાં સ્થાપન પામનાર પીડીપીયુના ચેરમેન મુકેશ અંબાણીએ માનવીય સંબંધોને મુખ્ય સંપત્તિ ગણવા ઉપર પ્રાધાન્ય આપતા જણાવ્યું હતું કે, માનવતાના માધ્યમથી સફળતા સુધી પહોંચી શકાય... દેશની આવતીકાલની ઉજ્જવળતાના આધાર યુવાનો છે ત્યારે સ્પષ્ટ દિશા સાથે કાર્યરત બને એવી નેમ સાથે સૌને શુભકામનાઓ પાઠવી હતી....

# એલ.પી.જી. પંચાયત ઉજજવલા લાભાર્થી બહેનો માટે સશક્તિકરણનો મંચ બનશે : ધર્મેન્દ્ર પ્રધાન

## ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામે પ્રધાનમંત્રી એલપીજી પંચાયતનો શુભારંભ

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' અંતર્ગત આજે ગાંધીનગર નજીકના મોટા ઈસનપુર ગામે ગામના જ ગરીબ મહિલા કોકિલાબહેન પરમારને ૩ કરોડમું ગેસ જોડાણ આપીને દેશભરમાં 'પ્રધાનમંત્રી એલ.પી.જી. પંચાયત'નો શુભારંભ કરાવ્યો હતો.




ગુજરાતના આંગણેથી 'પ્રધાનમંત્રી એલ.પી.જી. પંચાયત'નો શુભારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારે ગામડામાં વસતા ગરીબોના ઘર સુધી શહેરો જેવી સુવિધા પહોંચાડવાનું જન અભિયાન ઉપાડ્યુંછે. તેના કારણે જ ઉજ્જવલા જેવી યોજના અંતર્ગત ધુમાડા મુક્ત, લાકડા-કેરોસીનના બળતણથી મુક્તિ સાથે મહિલાઓના સશક્તિકરણ માટે દેશભરમાં કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજના અમલમાં મૂકી છે.

હવે આ અભિયાન અંતર્ગત દેશભરમાં એક લાખ 'પ્રધાનમંત્રી એલ.પી.જી. પંચાયતો' યોજવાનું પણ કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે અને મહિલા સશક્તિકરણના આ જન અભિયાનનો શુભારંભ કરવાનો શ્રેય ગુજરાતને મળ્યો છે તે અવસરને મુખ્યમંત્રીશ્રીએ આવનારા દિવસોમાં બદલાવની ક્ષણ રૂપે ગણાવ્યો હતો.

'વડાપ્રધાન ઉજ્જવલા યોજના' હેઠળ ૩ કરોડમું જોડાણ એનાયત કરવાના અને દેશની પ્રથમ એલ.પી.જી. પંચાયતના શુભારંભ પ્રસંગે કેન્દ્રીય પેટ્રોલિયમ - કુદરતી ગેસ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે, વડાપ્રધાન એલ.પી.જી. પંચાયત દેશની ઉજ્જવલા લાભાર્થી બહેનો માટે એક સશક્તિકરણ મંચ સમાન સાબિત થશે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના તમામ ગરીબ વર્ગની મહિલાઓને ૫ કરોડ ગેસ જોડાણ આપવાના સ્વપ્નને સાકાર કરવામાં આજે ૩ કરોડમું જોડાણ ઉમેરાયું છે. દેશની પ્રથમ પ્રધાનમંત્રી એલ.પી.જી. પંચાયત યોજનાનો ગુજરાતના ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ખાતેથી શુભારંભ બદલ મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતીઓને અભિનંદન આપ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# રાંધેજા તાલુકા પંચાયતની બેઠક પર ત્રિપાંખીયો જંગ ખેલાય તેવા સંકેતો

## ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવાર મેદાનમાં : સમગ્ર તાલુકામાં રાજકીય માહોલ ગરમાયો

ગાંધીનગર, તા. ૨૩

વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગાંધીનગર તાલુકાની રાંધેજા બેઠક પર ત્રિપાંખીયો જંગ ખેલાશે એવુ ચિત્ર આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ઉપસ્યુ છે.

રાંધેજા-૨ તાલુકા પંચાયતની બેઠક પર અપક્ષ ચૂંટાયેલ જશુજી પરમાર ડિસે. ૧૬માં સરપંચ તરીકે ચૂંટાઈ આવતાં તેમણે તાલુકા પંચાયતના સદસ્ય પદેથી રાજીનામુ આપતાં આ બેઠક ખાલી પડી હતી. ૬૨૦૦ જેટલા મતદારો ધરાવતા આ મતવિસ્તારના ઉમેદવારો અંગે બન્ને પક્ષોએ છેલ્લી ઘડી સુધી પોતાની છાતી સરખા કાર્ડ રાખ્યા હતા. આજે ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસે ભાજપ તરફથી ઠાકોર મહાદેવજી ગાંડાજી અને વાઘેલા જયરામસિંહ કાનાજીએ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે કોંગ્રેસ તરફથી ઠાકોર ભીખાજી પૂંજાજીએ ઉમેદવારી નોંધાવી છે. આ અગાઉ એક અપક્ષ ઉમેદવાર નટવરલાલ પરમારે ઉમેદવારી નોંધાવી હતી. સોમવારે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. જ્યારે મંગળવારે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ ચૂંટણીનું મતદાન ૮મી ઓક્ટો.ના રોજ યોજાશે અને મતગણતરી ૧૦મી ઓક્ટો.ના રોજ ગાંધીનગર ખાતે હાથ ધરવામાં આવશે. રાંધેજાની આ ચૂંટણીને પગલે તાલુકામાં રાજકીય માહોલ ગરમાયો છે. રાંધેજા એ વેપારી મથક છે તેમજ મોટુ ગામ પણ હોવાથી તેની અસરો સમગ્ર તાલુકામાં જોવા મળતી હોય છે.

# વિષયસજ્જ શિક્ષક એ પરિવર્તનનો વાહક છે : આનંદીબેન પટેલ

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયના શિક્ષક સજ્જતા કસોટીના એવોર્ડ વિતરણ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રીએ સંસ્મરણો વાગોળ્યા

ગાંધીનગર, તા. ૨૩

એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે ત્યારે શિક્ષકોની સજ્જતા પણ જ્ઞાનની એટલી જ જરૂરી છે તેમ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે અત્રે જણાવ્યુ હતુ.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના શિક્ષક સજ્જતા કસોટીના એવોર્ડ વિતરણ સમારોહમાં બોલતાં તેમણે કહ્યું હતું કે સંસ્થાનો આ અભિગમ અત્યંત આવકારદાયક અને અભિનંદનીય છે.

શ્રીમતી પટેલે તેમના શિક્ષક આચાર્ય તરીકેના સંસ્મરણોને પણ વાગોળ્યા હતા તેમજ તેમણે લખેલા પુસ્તક મને એ હંમેશા યાદ રહેશે ના કેટલાક અંશોને પણ પ્રવચનમાં ટાંક્યા હતા. સામાજિક જાગૃતિ અને પરિવર્તનનો પ્રહરી શિક્ષક જ હોઈ શકે



તેમ કહેતાં તેમણે સામાજિક કુરિવાજોના નિવારણની સાથે સાથે જે બદીઓ છે તે મિટાવવા માટે પણ શિક્ષકે કટિબદ્ધ બનવુ પડશે તેમ કહ્યુ હતુ.

તેમણે જણાવ્યુ કે ૯૮ વર્ષીય સંસ્થા દ્વારા ૫૭ જેટલા વિષયોની

● અનુસંધાન પાન-૭ પર

# પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પત્ની વિમળાબાનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના ધર્મપત્ની અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીના માતૃશ્રી વિમળાબેન સોલંકીનું દુઃખદ અવસાન થયું છે. આવતીકાલે તેમની અંતિમ યાત્રા નીકળશે.

પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પ્તની વિમળાબાની તબીયત ગઈકાલે બગડતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન દુઃખદ અવસાન થયું હતું.



માધવસિંહ સોલંકીના પત્નીનું દુઃખદ અવસાન થતાં ઘેરા શોકની લાગણી કોંગ્રેસ અને તેમના શુભએચ્છકોમાં પ્રસરી જવા પામી હતી. આવતીકાલે સવારે ૧૦ વાગે માધવસિંહ સોલંકીના સેક્ટર-૧૯ ખાતેના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળશે. તેમની અંતિમવિધિ સે. ૩૦ સ્થિત મુક્તિધામ ખાતે રાખવામાં આવી છે. સ્વ. વિમળાબેન સોલંકી સ્ત્રી શિક્ષણના આગવા હિમાયતી રહ્યા હતા. પુસ્તકો માટે તેમને પણ અનન્ય પ્રેમ હતો અને લાયબ્રેરીનું સુપેરે સંચાલન કરતા હતા.







# શહેરમાં ફુટપાથની જાળવણીનુ કામ રામભરોસે : હજુ ૨ કરોડ ખર્ચાશે

## વોક વે પરના ગાબડા દુર થયા નથી ત્યાં હવે ઘાસ પણ ઉગી નિકળ્યુ : ગત વાઇબ્રન્ટ સમિટ દરમિયાન ગાબડા પુરવા લાખોનો ખર્ચ થયો હતો

ગાંધીનગર તા ૨૩

શહેરમાં ફુટપાથની હાલત પણ માર્ગો જેવી બિસ્માર જોવા મળે છે. ફુટપાથના નિર્માણ પાછળ અત્યાર સુધી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હજુ પણ ફુટપાથ નિર્માણની બાકી કામગીરી માટે રૂ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. ત્યારે ફુટપાથની જાળવણી માટે તંત્ર કક્ષાએ નિરસતા સેવાઈ રહી છે. ફુટપાથ પરના ગાબડા દુર થતા નથી. જયારે વરસાદી દિવસોના અંતે ફુટપાથ પર હરિયાળી છવાયેલી જોવા મળે છે. ફુટપાથ પર ઘાસ ઉગી નિકળ્યુ છે. જેના લીધે વોકીંગ કરનારાઓને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ફુટપાથ પરના ગાબડા પુરવા માટે લાખોનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ પણ ફુટપાથની દશામાં કોઈ સુધાર આવ્યો નથી.

ગાંધીનગરમાં એક દાયકાથી વધુ સમય પહેલા ફુટપાથ બનાવાની શરૂઆત કરવામાં આવી હતી.જયારે પ્રથમ ઘ-૫ થી સરકીટ હાઉસ તરફ જતા માર્ગ પર વોક વે ની આભા ઉભી કરવામાં આવી હતી.



જયારે તબક્કાવાર અન્ય માર્ગો પર ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. ફુટપાથ નિર્માણની કામગીરીમાં અત્યાર સુધી કરોડો રૂપિયાનો ખર્ચ થઈ ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com